# સરદાર પટેલને ગાંધીનગરની આદરાંજલિ

## સરદાર જયંતિએ સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ પ્રસંગે પાટનગરના અગ્રણીઓએ સરદાર પટેલને સ્મરણાંજલિ સાથે પાઠવેલ સંદેશ

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતમાં ઉત્સવનો માહોલ છે કેમ કે ગુજરાતના પનોતા પુત્ર સરદાર પટેલની જન્મજયંતિએ સમગ્ર વિશ્વમાં અજોડ અને અનન્ય તેવી ભેટ ''સ્ટેચ્યુ ઓફ યુનિટી'' પ્રાપ્ત થઈ રહી છે. અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષ તરીકે જાણીતા રાષ્ટ્રપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને આજ સુધી ક્યારેય પ્રાપ્ત ના થયું હોય તેવું અનોખુ સન્માન પ્રાપ્ત થવા જઈ રહ્યું છે. જેનો હરખ તમામ ગુજરાતીના હૈયે છલકાઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના સ્વપ્ન પ્રોજેક્ટ ''સ્ટેચ્યુ ઓફ યુનિટી''નું લોકાર્પણ કરી સાકાર કરશે ત્યારે ગાંધીનગરના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓએ આ પ્રસંગે તેમના મંતવ્યો રજૂ કર્યા છે જે અત્રે પ્રસ્તુત છે.



''સ્ચેચ્યુ ઓફ યુનિટી'' એ એકતા અને ભાઈચારાની ભાવના પ્રગટ કરતો સંદેશો છે. આ સાથે એકતા યાત્રા રથના પરિભ્રમણથી દરેક જાતિ-જ્ઞાતિ અને વાડાબંધીની બહાર જઈને અખંડ ભારતના સ્વપ્નને સાકાર કરતો સંદેશો ઘરે ઘરે પહોંચશે. સરદાર સાહેબની પ્રતિમા થકી તેમની પ્રતિમાની શ્રેષ્ઠ ઓળખ નવી પેઢી સુધી પહોંચાડવામાં વડાપ્રધાનનો દિવ્ય અને ભવ્ય સંકલ્પ હવે સાકાર થયો છે. આ પ્રસંગે ''એક ભારત - શ્રેષ્ઠ ભારત'' બને તેવી પ્રાર્થના કરીએ.

- ભોળાભાઈ આઈ. પટેલ
મહામંત્રી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન,
કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર



''લોર્ડ માઉન્ટબેટને મોર્નિંગ વૉક દરમ્યાન વી. પી. મેનનને બોલાવી ભારતની આઝાદીનો મુસદ્દો આપ્યો જેમાં અંગ્રેજોએ તમામ રજવાડાં તેમના શાસકોને પરત આપવાનો પ્રસ્તાવ હતો. આ વાત વી.પી. મેનને સરદાર પટેલને કરતા તેમણે તુરંત જ દરમ્યાનગીરી કરી આ મુસદ્દાને રદ કરાવ્યો અને ભારતની આઝાદીનો નવો મુસદ્દો બનાવડાવ્યો. આમ, સરદાર પટેલની કુનેહ તથા દુરંદેશીના કારણે આજનું ભારત શક્ય બન્યું છે. આઝાદીની લડાઈમાં તમામ સત્યાગ્રહોની આગેવાની સરદારે જ લીધી હતી. જે સરદારની નિર્ણય શક્તિના પ્રતાપે આજનુ અખંડ ભારત બન્યું છે તેમને ''સ્ટેચ્યુ ઓફ યુનિટી'' થકી એકતાનું પ્રતિકરૂપે ભાવાંજલિ આપવાનો નિર્ણય પણ દૂરંદેશીભર્યો છે.''

- દોલત ભટ્ટ
પીઢ પત્રકાર તથા સાહિત્યકાર



''અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલ સાહેબને કોટિ કોટિ પ્રણામ સાથે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ''સ્ટેચ્યુ ઓફ યુનિટી'' સ્મારક બનાવવાનો જે સ્વપ્ન જોવામાં આવ્યું તે ખરેખર અત્યંત પ્રસંશનીય છે.

આ ''સ્ટેચ્યુ ઓફ યુનિટી'' માત્ર ગુજરાત જ નહી પરંતુ સમગ્ર વિશ્વમાં એકતા અને અખંડિતતાનો સંદેશ પ્રસરાવશે જે ભારતની ભાવિ પેઢી માટે પ્રેરણાદાયક સાબિત થશે.

સરદાર સાહેબ એક વિરલ વિભૂતિ હતા જેમને આ ઐતિહાસિક પ્રતિમા થકી સર્વથા યોગ્ય સન્માન પ્રાપ્ત થશે.''

- અંબુસિંહ પી. ગોલ
મેનેજીંગ ટ્રસ્ટી, શ્રી કમલાપુંજ ચેરિટેબલ ટ્રસ્ટ
ટ્રસ્ટી, રાજપૂત સમાજ મિલ્કત ટ્રસ્ટ, અંબાજી



''સરદાર તો સરદાર જ હતા, તેઓ કોઈ એક કોમ કે એક સમાજના નહોતા બલ્કે તમામ સમુદાય માટે સમરસતા ધરાવતા લીડર હતી. તેઓ નોખી માટીના માનવી હતા અને અખંડ ભારતના ઘડવૈયા હતા. સરદાર જયંતિએ તેમના જીવન ચરિત્રમાંથી પ્રેરણા લઈને તેમનો એકાદ ગુણ પણ આપણા જીવનમાં ઉતારીએ તો એ સરદાર પટેલને આપેલ સાચી અંજલિ કહેવાશે. આ સાથે આપણે સરદાર જયંતિએ અખંડ ભારતના નિર્માણમાં પોતાના રજવાડાં આપનાર રાજવીઓને પણ બિરદાવવા જોઈએ.''

- એન. પી. પટેલ



''અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૪મી જન્મ જયંતીની ઉજવણી સમસ્ત પાટીદાર સમાજ દ્વારા ધામધૂમથી કરવામાં આવી રહી છે. સરદાર સાહેબની વિધાનસભા પટાંગણમાં સ્થિત પ્રતિમાને સમાજના અગ્રણીઓ દ્વારા સવારે ૮.૩૦ વાગે પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આઝાદી સમયે અનેક ટુકડાઓમાં વહેંચાયેલા વિશાળ દેશને એક કરવાનું ભગીરથ કાર્ય પાર પાડનાર સરદાર સાહેબને ખૂબ ખૂબ વંદન.''

- વિક્રમભાઈ પટેલ,
પ્રમુખ, સમસ્ત પાટીદાર સમાજ, ગાંધીનગર



''દેશની એકતા અને અખંડિતતા માટે દેશના અનેક સપૂતોએ અનેક કાર્યો કર્યા એ બધામાંથી સરદાર વલ્લભભાઈ પટેલનુ નામ આગળ પડતુ છે. સરદાર વલ્લભભાઈ પટેલની સમજશક્તિ અને બીજાને સમજાવવાની શક્તિ તથા રજવાડાઓના વિલિનીકરણ માટેની મહા મહેનત એટલે સ્ટેચ્યુ ઓફ યુનિટી. આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટીનું ઉદ્‌ઘાટન કરવા જઈ રહ્યા છે. ત્યારે સરદાર સાહેબને સો-સો સલામ.''

- શંકરસિંહ રાણા, ચેરમેન, મધુર ડેરી




''અખંડ ભારતના શિલ્પી અને ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી મોટી પ્રતિમાનુ સરદાર સરોવર ખાતે લોકાર્પણ થવા જઈ રહ્યુ છે તે આપણા સૌ માટે આનંદ અને ગૌરવની વાત છે. વિશ્વનું વિરાટ વ્યક્તિત્વ અને એવી જ વિરાટ પ્રતિમા સ્ચેટ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ થવા જઈ રહ્યુ છે તે બદલ હુ આનંદ અને ગૌરવ અનુભવી રહ્યો છુ.''

- ઘનશ્યામભાઈ પટેલ
ચેરમેન, ગાંધીનગર નાગરિક બેંક

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




બહેન, નવું કાંઈ કરો એટલે ઝગડા તો થાય જ, જો હું હરદ્વારથી આ કાનજીની મૂર્તિ લાવી ત્યારે મારા સાસુએ ઘર માથે લીધું હતું...!

## આર. આર. સેલનો બુટલેગરો પર સપાટો

### ઝુંડાલ સર્કલથી વૈષ્ણોદેવી સર્કલ રોડ પરથી વિદેશી દારૂની પેટીઓ ભરેલુ કન્ટેનર પકડાયુ : અરવલ્લી અને મહેસાણા જિલ્લામાંથી પણ દારૂ ભરેલી ગાડીઓ પકડાઈ



ગાંધીનગર, તા. ૩૦

દિવાળીના તહેવારો આવતા વિદેશી દારૂની હેરાફેરી બમણી થઈ ગઈ છે ત્યારે આ હેરાફેરી પર વોચ રાખવા અને તેને પકડી પાડવા પોલીસ પણ સક્રિય થઈ ગઈ છે. ગાંધીનગર આર.આર.સેલે ચોવીસ કલાકમાં બૂટલેગરો પર સપાટો બોલાવી દીધો છે. મહેસાણા, અરવલ્લી અને ગાંધીનગરમાં મળીને ત્રણ સ્થળોએ દરોડા પાડી આર.આર.સેલે બે ગાડીઓ અને એક કન્ટેનર મળી ૪૦ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે જેમાં ૨૮ લાખની કિંમતનો દારૂનો જથ્થો છે.

ગાંધીનગર રેન્જ આઈજી મયંકસિંહ ચાવડાની સૂચનાથી તેમની આર. આર. સેલના પી.એસ.આઈ. ભાવેશ રબારી તથા તેમની ટીમે ચોવીસ કલાકમાં અલગ અલગ ત્રણ જિલ્લામાં ત્રણ દરોડા પાડી વિદેશી દારૂનો મસમોટો જથ્થો પકડી પાડયો છે. તહેવારોના દિવસોમાં વિદેશી દારૂની હેરાફેરી પર સતત નજર રાખવા અને દારૂના કટીંગ પકડવા મળેલી સૂચનાને આધારે આર.આર.સેલે બાતમીદારો સક્રિય કરીને ગઈકાલે અરવલ્લી જિલ્લાના બોલુન્દ્રા ગામની સીમમાં દરોડો પાડી ૪૩૨ નંગ વિદેશી દારૂની બોટલો ભરેલી એક ઈન્ડીકા કાર પકડી પાડી હતી. આ પ્રકરણમાં ત્રણ શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ અડાલજ નજીક ઝુંડાલ સર્કલથી વૈષ્ણોદેવી સર્કલ તરફ જવાના રસ્તા ઉપર સરદાર પટેલ રિંગ રોડ પરથી પસાર થતી કન્ટેનર પકડી તેમાંથી ૫૭૦ પેટી (૬૮૪૦ બોટલ) વિદેશી દારૂનો જથ્થો પકડી પાડયો હતો. ટ્રક કન્ટેનર સહિત રૂ. ૩૩.૬૬ લાખના મુદ્દામાલ જપ્ત કરી અડાલજ પોલીસ મથકમાં આ મામલે ગુનો દાખલ કરવામાં આવ્યો છે મુખ્ય બુટલેગરો સુધી પહોંચવા કવાયત શરૂ કરવામાં આવી છે. તે ઉપરાંત મોડી રાત્રે મહેસાણા જિલ્લાના કટોસણ-ધનપુરા દારૂના ચાલી રહેલા કટીંગ દરમિયાન આર.આર.સેલે દરોડો પાડી બે ગાડી અને એક ટ્રક સાથે ૪૧૪૦ નંગ વિદેશી દારૂની બોટલ પકડી પાડી હતી.

આમ ૨૪ કલાકમાં આર.આર.સેલે અલગ-અલગ ત્રણ સ્થળોએ દરોડા પાડી કુલ રૂપિયા ૨૮,૪૦,૦૦૦ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો તથા પાંચ વાહનો મળી કુલ રૂપિયા ૪૦,૪૪,૦૦૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આજે ગાંધીનગરમાં રન ફોર યુનિટી અને માર્ચપાસ્ટ

### ૨૦૦૦થી વધુ દોડવીરો ભાગ લેશે : સાંજે સેન્ટ્રલ વિસ્ટાથી મહાત્મા મંદિર સુધી ભવ્ય માર્ચપાસ્ટ

ગાંધીનગર, તા. ૩૦

સરદાર પટેલ જન્મ જયંતિની ઉજવણીનો કેફ દેશભરમાં ફેલાયો છે અને આ અનોખી ઉજવણી તરફ સમગ્ર વિશ્વએ મીટ માંડી છે ત્યારે ઉજવણીમાંથી ગુજરાત અને ગુજરાતનું પાટનગર ગાંધીનગર પણ બાકાત નથી રહ્યું.

ને લઈ આજે ગાંધીનગરમાં રન ફોર યુનિટી યોજાશે. ૨૦૦૦થી વધુ દોડવીરો આ રનમાં ભાગ લેશે.

સવારે ૭.૩૦ વાગે સરદાર પટેલના સ્ટેચ્યુ (સેન્ટ્રલ વિસ્ટા) ખાતેથી આ દોડનો આરંભ થશે જે ઘ-૪, બેંક ઓફ બરોડા થઈ ચ-રોડ થઈ ટાઉનહોલ થઈ પાછી સ્ટેચ્યુ પાસે આવશે અને ત્યાં સંપન્ન થશે.

જિલ્લા કલેક્ટર એસ.કે. લાગા આ દોડનો પ્રારંભ કરાવશે. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી સહિત અન્ય અધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે.

સાંજે ૫.૩૦ વાગે સેન્ટ્રલ વિસ્ટાથી મહાત્મા મંદિર સુધીની ભવ્યાતિભવ્ય માર્ચપાસ્ટ યોજવામાં આવશે. જેમાં પોલીસ, એસ.આર.પી., આર્મ્ડ ફોર્સીસ, એન.સી.સી.ના જવાનો ભાગ લેશે.

## પ્રગતિ પેનલના લાલભાઈ ગોવિંદભાઈ પટેલ બિનહરીફ



ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર ખેતીવાડી બજાર સમિતિના ચૂંટણીજંગમાં રાંધેજા બજાર સમિતિમાં ખરીદ વેચાણ વિભાગ માટે માત્ર એક જ ફોર્મ ભરાયુ છે. માત્ર એક જ ફોર્મ ભરાતા પ્રગતિ પેનલના લાલભાઈ ગોવિંદભાઈ પટેલ (અડાલજવાળા) બીનહરીફ જાહેર થયા છે.




ભારતના લોખંડી પુરુષ અને દેશની એકતા, અખંડીતતા અને સાર્વભૌમત્વની શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલને સ્મરાંજલી આપવા ગાંધીનગર મહા નગરપાલીકા દ્વારા બે દિવસ માટે એકતાયાત્રા રેલી યોજવામાં આવેલ હતી. તા. ૨૮-૧૦-૨૦૧૮ના એકતા યાત્રા રેલી ગાંધીનગરના સેક્ટર-૭ના મેઈન શોપીંગમાં આવી પહોંચતા પારા લીગલ વોલ્યુન્ટીયરસની ટીમના અગ્રણી સભ્યો અનિલ કક્કડ, સત્યનારાયણ પાંડે, મહેન્દ્ર ચૌહાણ અને મનસુખલાલ કોટેચાએ શહેરના અન્ય અગ્રણી નેતાઓની સાથે રહી એકતા યાત્રા રેલીનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું અને ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભાઈ પટેલની પ્રતિમાને ભાવપૂર્વક વંદન કરી ફૂલમાળા અર્પણ કરી હતી.

## માસ્ટર એથલીટ આલોક પ્રદીપકુમારે મલેશિયામાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યો




ગાંધીનગરના યુવા ખેલાડીઓ સાથે વરિષ્ઠ ખેલાડીઓ પણ આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળકી રહ્યા છે. તાજેતરમાં મલેશિયા ખાતે યોજાયેલ ૩૨મી મલેશિયન ઈન્ટરનેશનલ ઓપન માસ્ટર્સ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં ગાંધીનગર જિલ્લાના માસ્ટર એથ્લેટ આલોક પ્રદીપકુમારે ચક્રફેંક સ્પર્ધામાં ૪૦ થી ૪૪ વય જુથમાં પ્રથમસ્થાન મેળવી ગોલ્ડ મેડલ જીતવા સાથે ગાંધીનગરનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું છે.




સરદાર જયંતિએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતમાં 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું લોકાર્પણ કરશે. વર્ષ ૨૦૧૧માં 'સરદાર જયંતિ'ના દિવસે જ શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીએ અત્યંત અલભ્ય એવી 'ટાઈમ્સ મેગેઝીન' ની પ્રત મણીનગર ખાતેના સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના મંદિરના સંગ્રહાલયમાંથી અર્પણ કરી હતી.



શાળાઓમાં દિવાળી વેકેશન ચાલી રહ્યું છે, આ સમયનો સદુપયોગ કરતા સેક્ટર-૧૬માં મહાત્મા ગાંધી વિદ્યાલય ખાતે કેમ્પસમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ સફાઈ અભિયાન માટે સ્થાનિક સામાજિક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલાએ અંગત રસ લઈ જરૂરી વ્યવસ્થા પુરી પાડી સફળ બનાવ્યુ હતુ.

## હાઈકોર્ટમાં વર્ગ-૪ની ભરતી પ્રક્રિયા જોગ

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત હાઈકોર્ટ દ્વારા રાજ્યની નીચલી અદાલતોમાં 'પટાવાળા-વર્ગ-૪'ની ભરતી અંગે પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેમાં હમાલ, ચોકીદાર, લીફ્ટમેન, વૉટર સર્વર, હોમ એટેન્ડન્ટ, ડોમેસ્ટિક એટેન્ડન્ટ, જેલ વૉર્ડર, સ્વીપર વગેરે સહિતનો સમાવેશ થાય છે. કુલ ૧૧૪૯ જગ્યાઓ ભરવા માટે યોગ્યતા ધરાવતા ઉમેદવારો પાસે તા. ૧લી નવેમ્બરથી તા. ૩૦મી નવેમ્બર દરમ્યાન ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. જે માટે ગુજરાત હાઈકોર્ટની વેબસાઈટ તથા ઓજસ ઉપરાંત હાઈકોર્ટ સહિત તેના ક્ષેત્રાધિકારીની તમામ અદાલતોના નોટીસ બોર્ડ પર તા. ૨૯મી ઓક્ટોબરથી વિગતવાર જાહેરાત મુકવામાં આવી છે. ઉમેદવારો ગુજરાત હાઈકોર્ટની વેબસાઈટ www.gujarathighcourt.nic.in અથવા ઓજસ માટે http : // hc-ojas.guj.nic.in પર લોગઈન કરી શકે છે.

## અઢી મહિના પહેલાં થયેલા અકસ્માતની ફરિયાદ હવે દાખલ

### અગોરા મોલ પાસે કારની ટક્કરથી લોડીંગ રીક્ષા પલટી ખાઈ જતા રીક્ષા માલિક ઘવાયો હતો : સમાધાન ન થતાં ગુનો દાખલ કરાયો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર નજીક સુઘડ પાસે એસપી રિંગરોડ ઉપર અગોરા મોલ નજીક અઢી મહિના પહેલા એક અકસ્માત સર્જાયો હતો. આ માર્ગ અકસ્માતની ફરિયાદ હવે દાખલ થવા પામી છે.

મૂળ રાજસ્થાનના અને હાલ સીટીએમ અમદાવાદ ખાતે રહેતા ડુંગરસિંહ પુરોહિત ૧૯ જુલાઈએ બપોરે ત્રણ વાગ્યાના અરસામાં તેમને લોડીંગ રીક્ષામાં માલ સામાન ભરીને તેમના મિત્ર સાથે અમદાવાદ તરફ જઈ રહ્યા હતા ત્યારે આ ભૂરા સર્કલ પાસેથી બેફામ ગતિએ જઈ રહેલા એક કાર ચાલકે લોડીંગ રીક્ષાને ટક્કર મારતા રીક્ષા પલટી ખાઈ ગઈ હતી અને ડુંગરસિંહને ગંભીર ઈજાઓ થવા પામી હતી. કારચાલક સાથે સમાધાનની વાતચીત ચાલી રહી હતી. આખરે સમાધાનના થતા અઢી મહિના બાદ અડાલજ પોલીસ મથક ખાતે આરોપી કારચાલક નરેશ કે પંચાલ સામે લોડીંગ રીક્ષા માલિક ડુંગરસિંહ પુરોહિતે ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.